પાણીના જોડાણ માટેની અરજીનો નિયત સમયમર્યાદામાં જવાબ કરવા બાબત.

Computer Cell
Inward No.:
Date 25/7/17
Mark to:

નર્મદા, જળસંપત્તિ, પા.પુ. અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-ઈએસટી/૧૦૨૦૧૭/૬૭૦/ખ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪/૦૭/૨૦૧૭

**આ મુ ખ** :-

ગુજરાત રાજ્યમાં વિવિધ ઉધોગ તથા રોકાણકારો દ્વારા તેમના વ્યવસાયિક એકમના વિકાસ માટે પાણીનું જોડાણ મેળવવા અરજી કરવામાં આવતી હોય છે. આ પ્રકારની અરજીઓ જળસંપત્તિ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને કરવામાં આવતી હોય છે. રાજ્યમાં કરવામાં આવતા રોકાણો અન્વયે તે ઔધોગિક / વ્યવસાયિક એકમને ઝડપથી પાણીનું જોડાણ મળી રહે તે માટે અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા માટે જાહેર સેવાઓ અંગે નાગરિકોનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (RCPS ACT, 2013) ના ચેપ્ટર-૩(૪) અન્વયે સમયમર્યાદા નક્કી કરવાની બાબત વિચારણા હેઠળ હતી. સરકાર દ્વારા ઉક્ત સંસ્થાઓને પાણીના જોડાણની અરજી મળ્યેથી નિયત સમયમાં જવાબ કરવા અંગે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

**ઠ રા વ** :-

ગુજરાત રાજ્યમાં પાણીની જોડાણ માટેની અરજી જળસંપત્તિ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને કરવામાં આવે ત્યારે જે તે સંસ્થાઓએ તે અરજી અંગે જરૂરી ચકાસણીની કામગીરી પૂર્ણ કરી ૬૦ દિવસની સમયમર્યાદામાં તે અરજી બાબતનો જવાબ જે તે અરજીકર્તાને આપવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી(નર્મદા), સચિવશ્રી (જળસંપત્તિ) ની તા.૨૧/૦૭/૨૦૧૭ ની સંમત્તિ મેળવીને બહાર પાડવમાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીમતી એચ.જી.રાજ )
નાયબ સચિવ (આયોજન)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

<u>નકલ રવાના પ્રતિ,</u>

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પા.પુ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પા.પુ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી (નર્મદા) ના રહસ્ય સચિવશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (જળસંપત્તિ) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન,ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- સરકારી મધ્યસ્થ મુદ્રણ પ્રેસ, સેક્ટર-૩૦, ગાંધીનગર ઉપરોક્ત જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા અને તેની ૧૦ નકલો આ વિભાગને મોકલી આપવા વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારી સીલેક્ટ ફાઈલ
- શાખા સીલેક્ટ ફાઈલ